

**મોરનાં ઈંડાને ચીતરવાં ન પડે**

ઘણાં વર્ષો પહેલાં એક રાજા થઈ ગયો. તેણે ખૂબ જ હોશિયારીથી રાજ્યનો કારભાર ગોઠવ્યો હોવાથી બધા પ્રજાજનો પણ ખૂબ હોશિયાર બન્યા હતા. એ રાજ્યમાં દરેક વ્યક્તિને ઉચ્ચ શિક્ષણ મળતું. સારામાં સારો ખોરાક અને રહેવાનાં ઘર મળતાં. એ રાજ્યની બરોબર બાજુમાં એક બીજું રજવાડું હતું. ત્યાંના રાજાની ઈચ્છા હતી કે પોતાના રાજ્યના મુખ્યપ્રધાન તરીકે પેલા રાજ્યના કોઈ અત્યંત કુશળ અને ચબરાક વ્યક્તિની નિમણૂક થાય.

તેણે સૌથી હોશિયાર વ્યક્તિની શોધ ચલાવવા માટે બાજુના રાજ્યમાં સંદેશો મોકલ્યો, ‘મારે એક એવી વ્યક્તિની જરૂર છે કે જે તમારા રાજ્યની માટીમાં ઊગેલાં તદ્દન તાજાં શાકભાજી મારા રાજ્ય સુધી પહોંચાડે તથા એક માટલામાં અક્કલ ભરીને આવે.’ હવે મુશ્કેલી એ હતી કે પડોશનું રાજ્ય દૂર હતું. રથ કે બળદગાડામાં ત્યાં પહોંચતાં ઓછામાં ઓછા બે મહિના થઈ જાય. આ રાજ્યની માટીમાં ઊગેલું શાક ત્યાં પહોંચતાં તો વાસી થઈ જાય. રાજા વિચારમાં પડયા ! હવે કરવું શું ?

રાજાના મુખ્યપ્રધાનનો યુવાન દીકરો આદિત્ય ખૂબ જ હોશિયાર હતો. તેણે કહ્યું, “મહારાજ, ચિંતા ન કરો. આપની બંને મુશ્કેલીઓના ઉકેલ મારી પાસે છે.” તેણે એક મોટું ગાડું તૈયાર કર્યું. તેમાં માટી ભરી

ખાતર–પાણી નાંખીને શાકભાજીનાં બી વાવી દીધાં. પોતે એક રથમાં બેસી ગયો અને ગાડું જોડે લઈ લીધું. ગાડા સાથે એક ખેડૂતને પણ લીધો. વળી એ જ ગાડામાં એક તરફ કોળું વાવી દીધું. એ કોળુ ઊગ્યું કે તરત જ તેના પર એક મોટું માટલું બાંધી દેવામાં આવ્યું. જ્યારે કોળું મોટું થાય ત્યારે માટલામાં જ મોટું થઈને માટલાને ભરી દે તેવો આદિત્યનો ઉપાય હતો.

પડોશી રાજ્યમાં પહોંચતા જ આદિત્યને રાજા પાસે લઈ જવામાં આવ્યો. આદિત્યે સાથે લાવેલા ગાડામાંથી તાજાં–તાજાં શાક તોડીને રાજાની સમક્ષ મૂકી દીધાં. પેલું માટલું પણ રાજાને આપવામાં આવ્યું. તેણે કહ્યું, "મહારાજ, આમાં અક્કલ ભરેલી છે. આપ માટલું તોડયા વગર કાઢી લો."

રાજા આદિત્યની હોશિયારી પર ખુશ થઈ ગયા. પોતાના અઘરા સવાલોના કેવા સરળ જવાબ આ યુવાન લઈ આવ્યો હતો ! પરંતુ રાજ્યનો મુખ્યપ્રધાન આવો લબરમૂછિયો યુવાન બની શકે ખરો ? રાજાએ તેની થોડી વધુ પરીક્ષા કરવાનું નક્કી કર્યું. રાજાએ લાકડાની ત્રણ ઢીંગલીઓ મંગાવીને આદિત્યને બતાવી. 'યુવાન, આ ત્રણેય ઢીંગલીઓ સરખી જ છે, છતાંય એક ઢીંગલી બીજી બે કરતાં વધુ સારી છે. તે મને જુદી પાડી બતાવ.'

આદિત્યએ એક લોખંડનો તાર મંગાવ્યો અને વારાફરતી ઢીંગલીઓના કાનમાં નાંખ્યો. પહેલી ઢીંગલીના એક કાનમાં નાખેલો તાર બીજા કાનમાંથી બહાર નીકળ્યો. બીજી ઢીંગલીના એક કાનમાંથી નાખેલો તાર તેના મોંમાંથી બહાર નીકળ્યો અને ત્રીજી ઢીંગલીના કાનમાંથી નાખેલો તાર માથા પાસે અટકી ગયો. કોઈ તરફથી બહાર ન નીકળ્યો.આદિત્યને ત્રીજી ઢીંગલી રાજાના હાથમાં મૂકતાં કહ્યું, "મહારાજ, આ ઢીંગલી શ્રેષ્ઠ છે." રાજાએ પૂછ્યું, 'તું એવું શી રીતે કહી શકે છે ?' આદિત્યે કહ્યું, "મહારાજ, પહેલી ઢીંગલીને કોઈ સલાહ આપવામાં આવશે તો તે એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નાખશે. એને સલાહ આપવાનો કોઈ અર્થ નહીં સરે. બીજી ઢીંગલીને કાંઈ પણ સલાહ આપવામાં આવશે, તો આખા ગામમાં તેનો ઢંઢેરો પીટાઈ જશે. તેના પેટમાં વાત નહીં ટકે. પરંતુ ત્રીજી ઢીંગલી સમજુ છે. તે દરેક સલાહ પોતાના મનમાં ઉતારશે."

રાજાએ આદિત્યને ઈનામ આપ્યું. હજી તેમને આ યુવાનની છેલ્લી પરીક્ષા લેવાની ઈચ્છા હતી. તેમણે તેના હાથમાં ત્રણ વીંટીઓ મૂકી. લાલ, લીલાં અને વાદળી રત્નો જડેલી ત્રણ વીંટીઓ હતી. રાજાએ કહ્યું, "યુવાન, આ ત્રણેય વીંટીઓ જાદુઈ છે. લાલ વીંટી પહેરનારને ઉત્તમ વિચારો આવે છે. લીલી વીંટી પહેરનાર સારામાં સારા નિર્ણયો લઈ શકે છે અને વાદળી નંગવાળી વીંટી પહેરનારમાં ખૂબ હિંમત આવે છે. મારા દરબારમાં મારે કોને કઈ વીંટી આપવી જોઈએ ?'

આદિત્યએ કહ્યું, ‘મહારાજ, આનો જવાબ તો ખૂબ સરળ છે. આપ લાલ વીંટી રાખો, જેથી આપને હંમેશાં સારા વિચારો આવે અને આપના પ્રજાજનો આનંદમાં રહે. આપના મુખ્યપ્રધાનને લીલા નંગવાળી વીંટી આપો જેથી એ સારા અને સાચા નિર્ણયો લઈને રાજ્યનું સુકાન સંભાળે. આપના લશ્કરના વડાને વાદળી રત્નવાળી વીંટી આપો જેથી તેમનામાં ખૂબ હિંમત આવે.’

રાજાને હવે સંપૂર્ણપણે ખાતરી થઈ કે પોતે જે વ્યક્તિની શોધમાં હતા તે આ યુવાન જ છે. હોશિયાર મુખ્યપ્રધાનનો આ પુત્ર પણ ખૂબ જ બુદ્ધિશાળી હતો. મોરનાં ઈંડાંને કાંઈ ચીતરવાં પડે ? રાજાએ તરત જ લીલા નંગવાળી વીંટી આદિત્યને પહેરાવી દીધી તથા પોતાના રાજ્યના મુખ્ય પ્રધાન તરીકે તેની નિમણૂક કરી. પછી તો વર્ષો સુધી આદિત્યએ એ રાજ્યમાં ઉત્તમ કાર્યો કર્યાં.

**– જીવન ફોરમ**